ગાંધીનગર સમાચાર
તા. ૯-૬-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### યુવાવર્ગને મોદી સરકારની પહેલી ભેટ

અઢારથી પાંત્રીસ વર્ષ વચ્ચેના યુવા મતદારોને નરેન્દ્ર મોદીમાં એક મસીહાનાં દર્શન કર્યા હતા. પોતાના અનેક પ્રશ્નોનો ઉકેલ એમને મોદીના સુશાસન અને વિકાસ મોડલમાં દેખાયો હતો, તેથી કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી યુવાન હોવા છતાં યુવાવર્ગ પ્રૌઢવયના ઝુઝારું લડવૈયા મોદી તરફ વળ્યો હતો. મોદીએ સત્તાનાં સૂત્રો સંભાળતાંવેંત સચિવોને સૂચના આપી છે કે એસએસસી જેવી પરીક્ષા, સરકારી નોકરી માટેની અરજી કે પાસપોર્ટ વગેરેની અરજી કરતી વેળાએ જરૂરી ડોક્યુમેન્ટ્સને અરજદાર પોતે જ સત્યાપિત કરી શકશે, એ માટે એણે ગેઝેટ્ડ અધિકારીઓ પાસેથી 'ટ્રુ કોપી'નો સિક્કો લગાડવાની જરૂર નહીં રહે. ખૂબ સામાન્ય લાગતી આ દસ્તાવેજોનાં સત્યાપન વિષેની નીતિમાં કરાયેલ ફેરફારની બાબત સામાન્ય માનવી માટે મોટી રાહત સમાન છે. સરકારી નોકરી માટેનાં આવેદનપત્રો ભરતી વખતે અથવા પરીક્ષા માટેની અરજી કરતા વિદ્યાર્થીઓને પોતાનાં અસલ પ્રમાણપત્રોની ટ્રુ કોપી રજૂ કરવી પડે છે. આ ટ્રુ કોપી પર સરકારે માન્ય કરેલ ગેઝેટેડ અધિકારીના સહીસિક્કા અનિવાર્ય ગણાયા રહ્યા છે. મોદીએ પંજાર સરકારે અમલમાં મૂકેલ 'સેલ્ફ એટેસ્ટેશન' પ્રથાને રાષ્ટ્રીય સ્તરે સ્થાપિત કરીને યુવાનો અને બેરોજગારોને ખોટા ખર્ચ અને સમય વેડફવામાંથી ઉગારી લીધા છે. આ એક નાનું છતાં ક્રાંતિકારી પગલું છે. એથી યુવાવર્ગમાં ઉત્સાહ વધશે. તેઓને પરીક્ષા કે નોકરી માટેની અરજીઓ રજૂ કરવા માટે કે તત્કાળ પાસપોર્ટ મેળવવા માટે અરજી કરતી વેળા ક્લાસ ટુ કે કલાસ - વન અધિકારીઓની ઓફિસોનાં ચક્કર નહીં ખાવા પડે. વળી આવી સમયબદ્ધ કામગીરીમાં ગજા ઉપરાંતનો ખર્ચ પણ કરવાની જરૂર નહીં રહે. સામાન્ય રીતે આવા સમયે ગ્રામીણ ઉમેદવાર દેવું કરીને પણ હરિફાઇની દોટમાં સામેલ થતો હોય છે. તે ભાડાનાં વાહનો કરીને ભાગંભાગ કરી મૂકે છે અને પટાવાળાથી લઇ કારકુન તથા અધિકારીઓ સુધીની ભાગબટાઇમાં લૂંટાતો રહે છે. વચેટિયાઓને ઘી-કેળાં થઇ જતાં હોયછે. નોકરી માટેસ, તત્કાળ પાસપોર્ટ માટે તથા અમુક સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે 'ટ્રુ કોપી' કરાવવા દોડતા યુવાનોની મનોદશા કેવી હોય છે તે મોદી સ્વાનુભવથી જાણે છે. તેઓ વડનગર જેવા નાના નગરમાંથી આવતા હોઇ એમને ગ્રામપ્રદેશના મહત્ત્વકાંક્ષી યુવાનોને ડગલે ને પગલે પડતી મુશ્કેલીનો પૂરો ખ્યાલ છે. પંજાબ સરકારે આવાં પ્રમાણપત્રો અને વૈધાનિક દરજ્જો નહીં ધરાવતા દસ્તાવેજોને ગેઝેટેડ અધિકારીઓનાં સત્યાપન વગર સીધા જ ઉમેદવારના 'સ્વ - સત્યાપનથી સ્વીકારવા માંડ્યા એથી આવા યુવાનો પર ઘણું બધું ભારણ ઓછું થઇ જવા પામ્યું હતું. આઇ.આઇ.ટી. અને આઇ.આઇ.એમ. જેવાં કેટલાંક પ્રતિષ્ઠિત સંસ્થાઓએ પણ વિદ્યાર્થીઓની સત્યનિષ્ઠા પર ભરોસો મુકી 'સેલ્ફ એટેસ્ટેશન' સિસ્ટમ માન્ય કરતાં હવે રાષ્ટ્રીય સ્તરે આ પદ્ધતિ અમલી બનાવવાનું વડાપ્રધાનનું પગલું યોગ્ય અને સમયસરનું લેખાશે. આવાં ઉપક્રમોમાં જયારે ઇન્ટરવ્યુ માટે હાજર થવાનું હશે ત્યારે મૂળ પ્રમાણપત્રો બતાવવાનાં રહેજે જ, તેથી ખોટું તો ચાલી શકવાનું જ નથી. ઊલટાનું એક વગર કારણનું ભારણ ઘટશે અને યુવાનોને પણ લાગશે કે સરકાર એમની સત્યનિષ્ઠા પર ભરોસો મૂકે છે. આમ યુવાવર્ગે મૂકેલા ભરોસાનો ઉચિત પડઘો પાડવાની આ શુભચેષ્ઠાથી એમનું મનોબળ વધશે અને સરકારી અધિકારીઓનો પણ સમય બચશે.

# વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા મનોનિયંત્રણના વૈદિક ઉપાયો સંબંધિત વ્યાખ્યાન યોજાયુ

ગાંધીનગર, તા. ૮

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા સંચાલિત વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા આઈએનઓ અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, ગાંધીનગરનાં સહયોગથી તા ૧-૬-૨૦૧૪નાં રોજ રવિવારે સવારે ૭-૦૦ થી બપોરે ૧-૦૦ વાગ્યા સુધી મનોનિયંત્રણનાં વૈદિક ઉપાયો સંબંધિત વ્યાખ્યાન ગાંધીનગર સ્થિત બલરામ મંદિર પરિસરમાં આવેલા વિશાળ હોલમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો પ્રારંભ સવારે ૭-૦૦ થી ૯- ૦૦ દરમ્યાન યોગાચાર્ય શ્રી દુષ્યંત મોદીએ સંગીત સાથે હળવો વ્યાયામથી કર્યો હતો. પગ હલાવો, દુઃખ ભગાડોના સૂત્ર સાથે અપાનપ્રાણની કેટલીક ક્રિયાઓ કરાવી હતી. મધ્ય સત્રમાં વૈદિક પ્રવકતા શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ ધ્યાનની આવશ્યકતા પર ભાર મૂકયો હતો. તેમણે ત્રેતવાદ વિષય પર પણ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. આર્યજગતના પ્રખ્યાત દર્શનાચાર્ય સંન્યાસી સ્વામી શ્રી વિવેકાનંદ પરિવ્રાજકજીએ મન શું છે, તેને કયા પ્રકારે અધિકારમાં લેવું, જડ-ચેતનનો ભેદ કયા લક્ષણથી જાણવો વગેરે જાણકારી પોતાના વકતવ્યમાં જણાવી હતી. મનને વશમાં લેવા અનાવશ્યક ઈચ્છાઓને ઘટાડવી, જીવનમાં હકારાત્મક દ્રષ્ટિકોણ અપનાવવો, પોતાનું સામર્થ્ય જાણી તદ્નુસાર લક્ષ્ય નકકી કરવું, પૂર્ણ પુરુષાર્થ બાદ પ્રાપ્ત થયેલ ફળમાં સંતોષ માનવો વગેરે વિષયો ઉપર વિગતવાર ઉદાહરણ સહિત માર્ગદર્શન આપ્યું હતું. અંતિમ ૨૦ મિનિટમાં શ્રોતાઓ તરફથી આવેલ અનેક શંકાઓનું સમાધાન




તેમણે અત્યન્ત કુશળતાથી કર્યું હતું.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ આગામી સમયમાં વૈદિક પરિવાર દ્વારા યોજવામાં આવનાર કાર્યક્રમો વિશે માહિતી આપી હતી. તેમણે બાળકોનાં નિર્માણ માટે નિરંતર કાર્યક્રમોનું આયોજન મુખ્ય દાતા શ્રી અજમલભાઈ આર્યનું સન્માન કરતા સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક થતું રહે તે માટે યોજનાબદ્ધરીતે કાર્ય કરવામાં આવશે તેવી ઘોષણા કરી હતી.

ગાંધીનગરના શ્રી અજમલભાઈ આર્યએ આ કાર્યક્રમનાં ભોજનના દાતા બની એક પ્રસંશનીય ઉદાહરણ પુરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી વિશાલ મિસ્ત્રી દ્વારા કરવામાં આવેલ. જ્યારે આભારવિધિ શ્રી બળદેવભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી લક્ષ્મણભાઈ પટણી, શ્રી નરશીભાઈ પટેલ, શ્રી લક્ષ્મણભાઈ પારસીયા તથા શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ સુથાર, શ્રી મનોજભાઈ પુરાણી, શ્રી જશવંતભાઈ સોલંકી સહિત અનેક કાર્યકર્તાઓનું પ્રસંશનીય યોગદાન રહ્યું હતું.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે મનોનિયંત્રણ માટે અત્યન્ત આવશ્યક એવા ધ્યાનનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવા માટે તા.૭ અને ૮ જુન શનિવાર તથા રવિવારના રોજ સાંજે ૬-૦૦ થી૭-૦૦ દરમ્યાન કક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ધ્યાન વિષય નિષ્ણાત શ્રી મહેન્દ્ર ગાંધી દ્વારા નિઃશુલ્ક પ્રશિક્ષણ આપવામાં આવનાર છે. પ્લોટ નં.૩૪૨/૨, સેકટર-૪/બી ખાતે આવેલા વૈદિક પરિવારના સ્થાનિક કાર્યાલય સ્થિત હોલમાં આ વર્ગ યોજાશે.

# રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સત્ર આજથી શરૂ થશે

### ૩૫૦૦૦ પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરાશે : તમામ બાળકોમાં જોરદાર ઉત્સાહ

અમદાવાદ, તા.૦૮

રાજ્યભરની ૩૫૦૦૦ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આવતીકાલથી નવા નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે.નવા શૈક્ષણિક સત્રની શરૂઆતને લઈને વિદ્યાર્થીઓ ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યમાં તીવ્ર ગરમીના કારણે કેટલાક વાલીઓ વેકેશનમાં વધારો કરવાની માંગણી કરી રહ્યા હતા. જો કે અમદાવાદ શહેરની કેટલીક સ્કુલોમાં વેકેશનને લંબાવી દેવાની તૈયારી પણ દર્શાવવામાં આવી હતી. જો કે મોટા ભાગની શાળાઓ આવતીકાલે ખુલી જશે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના જાહેર કરાયેલા વર્ષ ૨૦૧૪-૧૫ના વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર પ્રમાણે ચાલુ વર્ષે વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષાઓ તા. ૧૩ ઓકટોબર ૨૦૧૪થી લેવાશે. આ વર્ષે માધ્યમિક શાળાઓમાં દિવાળી વેકેશન તા. ૨૦ ઓકટોબરથી પડશે. એટલે કે પ્રથમ શૈક્ષણિક સત્ર કુલ ૧૩૨ દિવસનું રહેશે નવા શિક્ષણ બોર્ડના કાર્યક્રમ મુજબ નવું શૈક્ષણિક સત્ર નવ જૂનથી ૧૯ ઓકટોબર સુધીનું રહેશે. એટલે કે પ્રથમ સત્ર વિદ્યાર્થીઓને અભ્યાસ માટે કુલ ૧૩૨ દિવસનો સમય મળશે. મોટાભાગની શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિકના પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે જ્યારે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશની પ્રક્રિયા અત્યારે ચાલુ છે ત્યારે સોમવારથી શરૂ થતાં શૈક્ષણિક સત્રમાં પ્રથમ દિવસથી શિક્ષણ કાર્ય પણ શરૂ કરી દેવામાં આવશે. બોર્ડના શૈક્ષણિક કેલેન્ડર પ્રમાણે તા. ૨૦ ઓક્ટોબરથી ૯ નવેમ્બર સુધી એટલે કે ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. ત્યારબાદ ત્રીજી સત્ર તા. ૧૦ નવેમ્બરથી તા. ૩ મે ૨૦૧૫ સુધી રહેશે. જ્યારે ઉનાળુ વેકેશન તા. ૪ મે ૨૦૧૫થી તા. ૭ જૂન ૨૦૧૫ સુધીનું રહેશે. આ ઉપરાંત ચાલુ વર્ષે ૧૩ ઓકટોબરથી ૧૮ ઓકટોબર સુધી સેમેસ્ટર પરીક્ષા લેવાશે, જ્યારે ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ ૧૨ માર્ચથી ૭ એપ્રિલ ૨૦૧૫ દરમ્યાન લેવામાં આવશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ નવા શૈક્ષણિક સત્રને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારીમાં લાગેલા હતા. બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પહેલાથી સાવધાન દેખાઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ આ વખતે વધારે પરેશાન દેખાઈ રહ્યા છે. કારણ કે પુસ્તકો એન નોટબુકના ભાવમાં ગયા વર્ષ કરતા આ વખતે વધારે થયો છે. જો કે વાલીઓ વધારે ખર્ચ હોવા છતાં તેમના બાળકોના પુસ્તકો પહેલાથી જ ખરીદી ચુક્યા છે. આવતીકાલથી સત્રની શરૂઆત થયા બાદ હવે વિદ્યાર્થીઓ વેકેશનના મુડીથી બહાર આવશે

#### સીબીએસઈની સ્કુલ પણ ૧૬મી જૂનથી ખુલી જશે

અમદાવાદ સહિત રાજ્યમાં હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે અને છેલ્લા કેટલાક દિવસોમાં હીટસ્ટ્રોકથી ૨૦૦ વ્યક્તિઓએ સારવાર લેવી પડી છે અને ૯ વ્યક્તિઓના મોત થયા હોવાથી વિદ્યાર્થીઓને ગરમીના કોપથી બચાવવા માટે અમદાવાદ શહેરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કેટલીક પ્રાથમિક સ્કૂલોએ ઉનાળુ વેકેશન એક સપ્તાહ એટલે કે ૧૫ જુન સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. બીજીબાજુ સીબીએસસીની સ્કુલો આગામી તારીખ ૧૬ જુનના રોજ ખુલી રહી છે.

## ઓરિયેન્ટ ફલાઈટ સ્કૂલે ૨૦૧૪-૧૫ ના શૈક્ષણિક વર્ષ માટે કોમર્શિયલ પાયલટ્સના કોર્સમાં પ્રવેશ માટેની તારીખો જાહેર કરી

ખાનગી ક્ષેત્રે ભારતની સૌથી જૂની અને અગ્રણી ફલાઈંગ સ્કૂલ્સ પૈકીની એક ઓરિયેન્ટ ફલાઈટ સ્કૂલ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે કોમર્શિયલ પાયલટ્સ કોર્સમાં પ્રવેશ માટેની તારીખોની જાહેરાત કરાઈ છે. ૨૦મી મે થી શરૂ થયેલી આ પ્રવેશ પ્રક્રિયા ૨૦મી જુલાઈ, ૨૦૧૪ સુધી જારી રહેશે. યોગ્યતા ધરાવતા ઉમેદવારો કમર્શિયલ પાઈલોટ્સ લાયસન્સ કોર્સ માટે અરજ કરી શકે છે. અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂરો કર્યા બાદ તેઓ કોઈ પણ કમર્શિયલ એરલાઈનમાં પોતાની કારકિર્દી બનાવી શકે છે. કમર્શિયલ પાયલટ્સ લાયસન્સ માટેના અભ્યાસક્રમમાં જોડાનારા ઉમેદવારો માટે વધારાનો લાભ એ છે કે તેઓ ચેન્નઈની હિન્દુસ્તાન યુનિવર્સિટીની યુજીસી માન્ય બીએસસી (એવિએશન)ની માટે પણ ક્વોલિફાય ગણાશે.

એપ્લિકેશન ફોર્મની કોપી ઉમેદવારોએ www. orientflights. com પરથી ડાઉનલોડ કરવાની રહેશે. સંપૂર્ણ ભરેલા એપ્લિકેશન ફોર્મ પરત કરવાની અંતિમ તારીખ ૨૦ જુલાઈ, ૨૦૧૪ છે. ૧૬ વર્ષ કે તેથી વધુ વય ધરાવતાં ઉમેદવારો કે જેમણે ધોરણ ૧૨ કે સમકક્ષનું શાળાનું શિક્ષણ મેથેમેટિક્સ અને ફિઝિક્સના વિષયો સાથે પૂર્ણ કર્યું હોય તેઓ આ અભ્યાસક્રમાં અરજી કરવા લાયક ગણાશે. કમર્શિયલ પાયલટ્સ લાયન્સ ટ્રેઈનિંગ માટે જરૂરી છે.

## હરિની દૃષ્ટિ...




**ચૂંટણી ખર્ચના હિસાબ માટે આવે છે, આપણને ડીપોઝીટ ગુમાવેલાને થોડા રૂપિયા પરત આપવા, એવી માંગણી કરીશું...??**

## શૈક્ષણિક વર્ષ વહેલું શરૂ થતા કાળઝાળ ગરમીને લઈ ચિંતા

અમદાવાદ, તા.૦૮

આવતીકાલથી રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. જોકે અત્યારે કાળઝાળ ગરમીના કારણે વેકેશન લંબાવાની માંગ કરવામાં આવી હતી. જોકે શિક્ષણ વિભાગે રાજ્યની સરકારી શાળાઓમાં શૈક્ષણિક સત્ર લંબાવવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. ત્યારે પ્રવર્તમાન ગરમીનું વાતાવરણ બાળકોના આરોગ્યને કેવી અસર કરશે, તેની ચિંતા વાલીઓને સતાવી રહી છે.

છેલ્લા પખવાડીયા કરતા પણ વધુ સમયથી આખા રાજ્યમાં ગરમીનું પ્રચંડ મોજુંપ્રવર્તી રહ્યું છે. સવારના દસ વાગ્યાથી શરૂ થતો તડકાનો માર સાંજ સુધી ચાલુ રહે છે. સખત ગરમી અને હવે જામેલા બફારાના વાતાવરણથી બિમારીનો ભય પણ પ્રવર્તે છે.આ સંજોગોમાં રાજ્યભરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આવતીકાલથી રાજ્યભરમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. એકબાજુ વરસાદની હાલ કોઈ શક્યતા જણાતી નથી. બીજી બાજુ સવારની સ્કુલ હોય તો પણ બાળકને ઘેર પરત ફરતા બપોર પડી જાય તેવો શાળાનો સમય રહે છે. ત્યારે વાલીઓ માટે ચિંતાનો વિષય એ છે કે, ધોમધખતા બપોરમાં ઘેર ફરતા બાળક પર ગરમીની અસર થશે તો તેનું આરોગ્ય જોખમાશે. બીજી તરફ શાળા સંચાલકો માટે ચિંતાનો વિષય શાળામાં પીવાના પાણીનો અને સેમિટેશનનો રહેશે. બાળકો પાસે પાણીની કરકસરની અપેક્ષા રાખવી વ્યર્થ છે. ત્યારે પુરતા પાણીની વ્યવસ્થા કઈ રીતે કરવી તે પ્રશ્ન શાળાના સંચાલકોને સતાવી રહ્યો છે.

છેલ્લા ઘણા દિવસથી તાપમાનનો પારો ૪૩ થી ૪૪ ડિગ્રી વચ્ચે સ્થિર રહ્યો છે. હવામાનના સૂત્રોનો વરસાદ એક સપ્તાહ મોડો આવશે તેવી આગાહી કરે છે. દર વર્ષે ૧૫મી જુનથી શરૂ થતું શૈક્ષણિક સત્ર પણ એક સપ્તાહ વહેલું શરૂ થઈ રહ્યું છે.

# ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૦૦ (III) સ્ત્રીને એવો અધિકાર આપે છે કે જેથી તેના પર બળાત્કાર કરવાને ઈરાદે તેના પર હુમલો કરનાર આરોપીનું તે મૃત્યુ નિપજાવી શકે

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે ઘણાં સમયથી ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની ચર્ચા કરી રહ્યા હતા. અનેક વાચકોએ અને કાયદાના વિદ્યાર્થીઓએ લેન્ડ માર્ક ચુકાદાઓ જાણવા અંગે અપેક્ષા વ્યક્ત કરી છે. થોડાક વર્ષો પહેલાં બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પણ મહિલાઓ અને તેના અધિકારીઓ અને ખાસ કરીને સર્ટીફિકેટ કોર્ષ ઇન હ્યુમન રાઇટ એ પ્રકારનો એક કોર્ષ પણ શરૂ થવા વિચારણા થયેલ ીઅને ત્યારબાદ તે કોર્ષ અમલમાં પણ મુકાયેલો. જે તે સમયે દેશની સર્વોચ્ચ અદાલતના કેટલાક લેન્ડ માર્ક ચુકાદાઓ પણ ગુજરાતીમાં લખવાની તક મળેલ. આ અંકમાં જે લેન્ડ માર્ક ચુકાદાઓ અહીં પ્રસ્તુત કરવામાં આવે છે તે દરેક સામાન્ય માનવીની કાયદાની સાક્ષરતા સંદર્ભેના શિક્ષણમાં અતિ ઉપયોગી છે.

આમ જોઇએ તો, દરેક આમ માનવીએ કાયદો સામાન્ય અર્થમાં સમજવો ખૂબ જરૂરી છે. કાયદાનું જ્ઞાન કોઇ પણ સમયે કામ આવી શકે તેમ છે. અમારી પાસે અનેક કેસો એવા આવેલા છે કે જેમાં જે તે વ્યક્તિ કાયદાનું જ્ઞાન ધરાવતી હોવાને કારણે કપરી મુશ્કેલીમાંથી બચી શકે છે. એમ કહેવાય છે કે, Law is nothing but commonsense. સામાન્ય રીતે સામાન્ય વ્યવહારમાં જે બનવું જોઇએ, તે પ્રમાણે વર્તન થવું જોઇએ તેનાથી વિરૂદ્ધની સ્થિતિમાં વ્યક્તિ કાયદાના સંઘર્ષમાં આવી શકે છે. આ બધી બાબતોની ચર્ચા પહેલા ચાલો આપણે કેટલાક જાણવા જેવા ચુકાદાઓ ઉપર દૃષ્ટિપાત કરીએ.

● **શાહબાનો કેસ (ભરણપોષણનાં સંદર્ભમાં) :**

આ કેસની ટૂંકમાં હકીકત જોઇએ તો, ૪૩ વર્ષના લગ્નજીવન બાદ શાહબાનોના પતિ મોહમ્મદ્ ખાને ૧૯૭૫માં શાહબાનોને તલ્લાક (છૂટાછેડા) આપ્યા. શાહબાનોએ ૧૯૭૮માં ભરણપોષણ માટે અરજી કરતાં પતિએ બચાવ લીધો કે બે વર્ષ સુધી તેને શાહબાનોને રૂા. ૨૦૦ પ્રમાણે ભરણપોષણ આપ્યું હતું અને તે પછી અદાલતના હુકમથી ઇદ્દતના સમય દરમિયાન રૂા. ૩૦૦૦ અદાલતમાં જમા કરાવ્યા હતા. રિવીઝનમાં જતાં સર્વોચ્ચ અદાલતની ડિવીઝન બેન્ચે પાંચ જજમેન્ટની બેન્ચને આ કેસ સોંપ્યો. સર્વોચ્ચ અદાલતે પતિની અપીલ ખર્ચ સહિત કાઢી નાખી અને પત્નીને ભરણપોષણની રકમમાં વધારો કરવા માટેનો હક મંજૂર રાખ્યો.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, ભરણપોષણ આપવા બાબત મુસ્લિમ વૈયક્તિક કાયદો (શરિયત) અને કોડની કલમ ૧૨૫ વચ્ચે તફાવત નથી. કુરાને પણ પતિએ પત્નીના ભરણપોષણ માટે પ્રબંધ કરવો તે પતિની ફરજ ગણી છે. મહરની રકમ એ તો પત્નીને તેની પ્રત્યેના આદર અને સન્માનને કારણે અપાયેલી રકમ છે. મુસ્લિમ કાયદાના પુસ્તકોમાંથી એવું કંઇ ફલિત થતું નથી કે છૂટાછેડા આપેલી પત્ની પોતાનું ભરણપોષણ કરી શકે તેમ ન હોય છતાં તેણીને ભરણપોષણ ન આપવું. સર્વોચ્ચ અદાલત સમક્ષ એવી દલીલ કરવામાં આવેલી કે ઇદ્દત સમય સુધી જ પત્નીનું ભરણપોષણ કરવાની પતિની જવાબદારી છે, પરંતુ આ દલીલ ગ્રાહ્ય રાખવામાં આવી નથી. મહરની રકમ બાબતે સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે તે રકમ લગ્ન સમયે પતિએ આપેલી રકમ છે, છૂટાછેડા નથી. મહરની રકમ છૂટાછેડાના સમયે ચૂકવે તેથી તે મહર નથી તેવું કહેવાય નહીં.

● **મથુરા વિ. સ્ટેટ ઓફ યુ.પી. (સ્ત્રી અત્યાચાર સંદર્ભે)**

મથુરા કેસ (૧૯૭૯) (૨) સુ. કો. કે. ૧૪૩) માં બે પોલીસોએ પોલીસ સ્ટેસનમાં જ મથુરા નામની ૧૫ વર્ષની હરીજન બાળા પર બળાત્કાર કર્યો. સુપ્રીમ કોર્ટે નીચેના કારણોસર એ બંનેને દોષમુક્ત જાહેર કર્યા કે -

(એ) એ બાળાના શરીર પર એવી કોઇ ઇજાની નિશાનીઓ ન હતી કે જેથી એમ લાગે કે તેણે આ કાર્યનો પ્રતિકાર કર્યો હશે.

(બી) બાળાએ મદદ માટે કોઇ બૂમો પાડી ન હતી.

(સી) બાળાએ એના પ્રેમી સાથે અગાઉ જાતિય સંભોગ કર્યો હતો અને

(ડી) ફરિયાદ પક્ષે ફક્ત એટલું જ પુરવાર કર્યું કે બાળા નિષ્ક્રીય રહીને આ કાર્યને આધિન થઇ હતી. તેણી પોતે સંમતિ આપી ન હતી એમ શંકા પેલેપાર ફરિયાદ પક્ષ પુરવાર કરી નથી શક્યો.

એક કુમળી બાળા બે રીઢા પોલીસમેનો - સત્તાધારી પોલીસો સામે, પોલીસ સ્ટેશનમાં ભયને લીધે કાંપતી, દિગ્મૂઢ બનીને આવા કાર્યને સક્રિય પ્રતિકાર વિના સહી રહી હોય તેને સંમતિ હતી એમ અર્થઘટન કરવાની અઆ કળા સ્ત્રીને અન્યાયકર્તા છે. આ સામે સારો એવો ઉહાપોહ દેશભરમાં થયો અને પરિમામે સરકારને ઇ.પી.કો માં સુધારો કરવો પડ્યો. જો કે આમ છતાં આવું નથી બનતું એમ કોઇ કહી શકે તેમ નથી. વિલંબના તાંત્રિક કારણો આગળ ધરીને સુપ્રીમ કોર્ટે આ કેસના પુનરીક્ષણનો પણ ઇન્કાર કર્યો હતો. આને શું કહેવું?

● **બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીને નીચે પ્રમાણે તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે.**

(૧) વહેલામાં વહેલી તકે નજીકના રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર પાસે તમારી દાકતરી તપાસ કરાવો. આ ડોકટર સરકારી હોસ્પિટલના ડોકટર હોય તેવું જરૂરી નથી.

(૨) વહેલામાં વહેલી તકે નજીકનાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવો અને એમાં નોંધેલા તમારા નિવેદનની કોપી મેળવી લો. આવી નકલ વિના મૂલ્યે મેળવવાનો તમને ક્રિ.પ્રો. કોડની ક. ૧૫૪(૨) હેઠળ અધિકાર છે.

(૩) જરૂર લાગે તો તમારા ધારાશાસ્ત્રીને તમારી સાથે પોલીસ સ્ટેશનમાં લઇ જાઓ. તમારી પસંદગીના ધારાશાસ્ત્રીની સલાહ મેળવવાનો તમારો મૂળભૂત અધિકાર છે.

(૪) જેણે તમારા પર બળાત્કાર કર્યો છે તેની દાકતરી તપાસ કરાવવાનો આગ્રહ રાખો કેમ કે એમ કરવાથી એ વ્યક્તિના શરીર પર ગુનો કર્યાના પુરાવા પ્રાપ્ત થઇ શકશે.

(૫) તમારી દાકતરી તપાસ થાય નહીં ત્યાં સુધી કપડાં બદલશો નહીં કે સ્નાન કરશો નહીં.

(૬) આરોપી પાસેથી મળેલી વસ્તુઓ જેવી કે સ્લીપર્સ, કપડાં, ચશ્માં વિગેરે પોલીસને હવાલે કરો.

(૭) પોલીસ ગુનાની જગ્યાનો અહેવલા તૈયાર ન કરે ત્યાં સુધી ગુનો બન્યો હોય તે સ્થળની સ્થિતિ બદલશો નહીં. સ્થળની પરિસ્થિતિ વિશેનો રીપોર્ટ ગુના વિશેનો સંયોગિક પુરાવો પૂરો પાડી શકે છે.

(૮) પોલીસ સ્ટેશને જાઓ ત્યારે કોઇ પુરૂષ સગાને કે પુરૂષ મિત્રને સાથે લઇ જવાનું રાખો.

ગુનાના સમાચાર મોડા નોંધાવવાથી પોલીસ તમારી વાતમાં શંકા કરશે અને વળી ગુનાનો પુરાવો પણ નાશ પામશે કે રફેદફે થઇ જાશે. દાકતરી પુરાવો પણ નષ્ટ પામે એમ બને. (નલ્લા રામબાબુ કિ.લો. જ. ૧૯૯૨ ફેબ્રુ. આંધ્રપ્રદેશ. ૩૨૪). પોલીસ અધિકારીને આ વિશે ફરિયાદ કરી શકાય છે અથવા તો મેજીસ્ટ્રેટ સમક્ષ કોર્ટમાં ફરિયાદ નોંધાવી શકાય. આ પ્રમાણેની ફરિયાદ ગુનો બન્યાની હકીકતથી જેને જાણ છે તે વ્યક્તિ પણ નોંધાવી શકે છે.

બળાત્કાર ગુનાની સંબંધમાં એ નોંધવું જોઇએ કે ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૦૦ (III) સ્ત્રીને એવો અધિકાર આપે છે કે જેથી તેના પર બળાત્કાર કરવાને ઇરાદે તેના પર હુમલો કરનાર આરોપીનું તે મૃત્યુ નિપજાવી શકે. શરીરના બચાવ માટેનાં અંગત અધિકારમાં આ સમાવિષ્ટ છે જો કે પોતાને આવા બળાત્કારમાંથી બચવા માટે મૃત્યુ નીપજાવવા સિવાય અન્ય કોઇ વૈકલ્પિક ઉપાય ન હતો એમ સ્ત્રીએ પુરવાર કરવું પડે છે.

વધુ રસપ્રદ અને જાણવા જેવા લેન્ડમાર્ક ચુકાદાઓ સાથે મળીએ આવતે અંકે...